HM Government

Help for Households

**તમારા પરિવારને બંધબેસતી** હોય તેવી મદદ મેળવો

**બાળસંભાળના** ખર્ચ માટે **સરકારની સહાય** તમને **કામ અને જીવનને** આગળ વધારવામાં મદદ કરી શકે છે.



Childcare Choices

## કામ કરતા માતાપિતામાટે હજુ પણ વધુ બાળસંભાળ સહાય

3 અને 4 વર્ષના બાળકો માટે હાલની ઓફર્સની સાથે, સરકાર ચાઇલ્ડકેર સપોર્ટ (બાળસંભાળ સહાય) નું વિસ્તરણ કરી રહી છે, જેથી તે કામ કરતા વધુ માતાપિતા માટે સસ્તી અને સુલભ છે.

| એપ્રિલ 2024 | સપ્ટેમ્બર 2024 | સપ્ટેમ્બર 2025 |
|---|---|---|
| ઇંગ્લેન્ડમાં લાયક કામ કરતાં પરિવારો માટે.<br><br>દરેક માતાપિતા ઓછામાં ઓછા અઠવાડિયાના 16 કલાકોની સમકક્ષ રાષ્ટ્રીય લઘુત્તમ વેતન કમાય છે પરંતુ વર્ષની £100,000 થી ઓછી એડજસ્ટેડ ચોખ્ખી આવક છે. | | |
| **2 વર્ષના બાળકો માટે** દર વર્ષે 38 અઠવાડિયા (570 કલાક સુધી) માટે 15 hours childcare | **9 થી 23 મહિનાની વયના બાળકો માટે** દર વર્ષે 38 અઠવાડિયા (570 કલાક સુધી) માટે 15 hours childcare | **9 મહિનાથી લઈને સ્કૂલની ઉંમર સુધીના બાળકો** માટે દર વર્ષે 38 અઠવાડિયા (1,140 કલાક સુધી) માટે 30 hours childcare |

## શાળાની બાળસંભાળ પહેલાં અને પછીનું શું?

જો તમે Tax-Free Childcare અથવા Universal Credit Childcare માટે લાયક છો, તો તમે આ સપોર્ટનો ઉપયોગ શાળા પહેલાં અને પછી બાળસંભાળની ચૂકવણી કરવામાં મદદ કરવા માટે કરી શકો છો, જેને 'Wraparound Childcare' તરીકે પણ ઓળખવામાં આવે છે.

આમાં શાળાની અગાઉની અને પછીની નિયમિત જોગવાઈનો સમાવેશ થાય છે જે સવારે 8 વાગ્યાથી સાંજના 6 વાગ્યા સુધી અથવા તે પછી, શાળાની સાઇટ પર અથવા અન્ય સ્થાનિક સેટિંગ પર ચાલે છે.

વધુ કામ કરતા પરિવારોને ટેકો આપવા માટે, સપ્ટેમ્બર 2024 થી, ઇંગ્લેન્ડમાં પ્રાથમિક શાળાના બાળકોના માતાપિતા Wraparound Childcareમાં વધારો જોવાની અપેક્ષા રાખી શકે છે.

વધુ જાણવા માટે, તમારા બાળકની શાળા અથવા તમારી સ્થાનિક ઓથોરિટીની Family Information Service સાથે વાત કરો.

## તમારી બાળસંભાળમાટે ચૂકવણી કરવામાં મદદ મેળવો

બાળસંભાળના ખર્ચને કારણે પરિવારોના બજેટ પર દબાણ આવી શકે છે, પરંતુ અત્યારે ઉપલબ્ધ હાલની સરકારી સહાય તમને આમાં મદદ કરી શકે છેઃ

**ઇંગ્લેન્ડમાં 3 અને 4 વર્ષના બાળકો સાથે તમામ પરિવારો માટે** વર્ષના 38 અઠવાડિયા. **15 hours childcare**

ઇંગ્લેન્ડમાં 3 **અને** 4 વર્ષના બાળકો ધરાવતા લાયક કામ કરતા માતાપિતા માટે વર્ષના 38 અઠવાડિયા માટે **30 hours childcare**

**Tax-Free Childcare:** 11 કે તેથી ઓછી વયના બાળકો ધરાવતા લાયક કાર્યકારી માતાપિતાને તેમના બાળસંભાળ ખર્ચ પેટે દર વર્ષે બાળક દીઠ 2,000 પાઉન્ડ સુધીની રકમ અથવા 16 કે તેથી ઓછી ઉંમરની વિકલાંગતા ધરાવતા બાળકો માટે £4,000 સુધીની રકમ મળી શકે છે.

**Universal Credit Childcare:** યુકેમાં લાયક કામ કરતાં માતા-પિતા 0-16 વર્ષની વયના બાળકો માટે તેમના બાળસંભાળ ખર્ચના 85 ટકા સુધીનો દાવો કરી શકે છે. તદુપરાંત, લાયક માતાપિતા Universal Credit Funds નો આગોતરો ઉપયોગ કરી શકે છે, કે જે જેઓ નોકરી શરૂ કરી રહ્યા છે અથવા કામના કલાકો વધારી રહ્યા છે તેમને મદદ કરી શકે છે.

## અને શું તમે જાણો છો..?

- તમે તમારા 15/30 કલાકનો ઉપયોગ અન્ય બાળસંભાળ યોજનાઓ જેવી કે Tax-Free Childcare અથવા Universal Credit Childcare ની સાથે કરી શકો છો.
- તમે તમારા કલાકોનો ઉપયોગ દરરોજના બે જુદા જુદા પ્રદાતાઓ માટે કરી શકો છો, અને નર્સરીઓ, બાળમંદીરો અને પ્રિસ્કૂલ સહિત વિવિધ પ્રકારના બાળસંભાળ પ્રદાતાઓ મારફત કલાકો સ્વીકારી શકાય છે.
- કેટલાક પ્રદાતાઓ તમને વધુ સપ્તાહોમાં ઓછા કલાકોનો ઉપયોગ કરીને, તમને વધુ અનુકૂળતા આપીને, આખા વર્ષ દરમિયાન તમારા કલાકોને 'સ્ટ્રેચ' કરવાની મંજૂરી આપશે.
- જો તમને નવું બાળક છે, તો તમે Child Benefit નો ઓનલાઇન દાવો કરી શકો છો. વધુ જાણવા અને અરજી કરવા માટે **gov.uk/child-benefit** મુલાકાત લો.
- તમે bit.ly/h4hmap પર **Help for Households** નકશાનો ઉપયોગ કરીને તમારી નજીક મફત અને સસ્તું પારિવારિક ઇવેન્ટ્સ શોધી શકો છો.
- તમે **Help for Households** શોધીને વ્યાપક નાણાકીય સહાય વિશે વધુ શીખી શકો છો.

**આગળશું કરવું**

<table>
<tr><td colspan="3">અત્યારે અને ભવિષ્યમાં તમે કઈ મદદ માટે લાયક હોઈ શકો છો અને ક્યારે અરજી કરવી તે ચકાસવા માટે childcarechoices.gov.uk મુલાકાત લો</td></tr>
<tr><th>15/30 hours childcare</th><th>Tax-Free Childcare</th><th>Universal Credit Childcare</th></tr>
<tr><td>તમારું બાળક સંબંધિત ઉંમરે પહોંચે ત્યાર પછી, બાળકને 1 એપ્રિલથી, 31 મી એપ્રિલથી બાળસંભાળ શરૂ કરવા માટે , 31 મી માર્ચ સુધીમાં; 1 લી સપ્ટેમ્બરથી શરૂ કરવા માટે 31 ઓગસ્ટ સુધીમાં; અથવા 1 લી જાન્યુઆરી થી શરૂ કરવા માટે 31મી ડિસેમ્બર સુધીમાં તમારો બાળસંભાળ કોડ મેળવવા માટે gov.uk પરનાપગલાંને અનુસરો.</td><td>કરમુક્ત બાળસંભાળ ખાતું બનાવવા માટે gov.uk પરના પગલાંને અનુસરો</td><td>તમારી લાયકાત ચકાસવા Universal Credit Childcare Costs ખર્ચ શોધો</td></tr>
<tr><td>જો તમે અગાઉ બાળસંભાળ પ્રદાતાનો ઉપયોગ કર્યો ન હોય અથવા તેને બદલવા માંગતા હોવ, તો તમારા માટે યોગ્ય પ્રદાતા શોધો અને તપાસો કે તેઓ 15/30 hours childcare ઓફર કરે છે કે નહીં</td><td>જો તમારી પાસે એક કરતા વધારે પાત્રતા ધરાવતા બાળકો હોય, તો દરેક બાળક માટે એક એકાઉન્ટ બનાવો</td><td>તમારા વિકલ્પો વિશે તમારા કાર્ય કોચનો સંપર્ક કરો</td></tr>
<tr><td>તમારા બાળસંભાળ પ્રદાતાને તમારો કોડ આપો.</td><td>ત્યારબાદ સરકારી ટોપ-અપને દરેક બાળક માટે કરવામાં આવેલી ડીપોઝીટો પર લાગુ કરવામાં આવે છે, ધરો માટે નહીં</td><td>તમારી સ્થાનિક ઓથોરિટી સાથે તપાસ કરો કે તમે સરકારી સહાયનાવધારાના સ્વરૂપો માટે પણ લાયક હોઈ શકો છો કે નહીં</td></tr>
<tr><td colspan="2">સરકારી સહાય મેળવવાનું ચાલુ રાખવા માટે તમારા gov.uk એકાઉન્ટ પર દર ત્રણ મહિને તમારી વિગતોની ફરીથી પુષ્ટિ કરો</td><td></td></tr>
</table>

વધુ જાણકારી માટે **QR code** સ્કેન કરો અથવા **Childcare Choices** શોધો

Childcare Choices